# વિશ્વકક્ષાનું માર્કેટ સર્જનાર જીજ્ઞેશ શાહની સંઘર્ષ ગાથા આલેખતુ પુસ્તક 'ધ ટાર્ગેટ'




(કેતન ખત્રી દ્વારા) અમદાવાદ તા.૩૧: ગુજરાતીને ખતમ કરવાના અનેક કારસાઓ ઘડાયાના દાખલા છે. ગુજરાતી સાથે અન્યાયનો આ સિલસિલો હજુ પણ ચાલુ છે. બહુ જ નાની વયે પોતાના બૌદ્ધિક કૌશલ્યથી ભારતમાં એક વિશ્વકક્ષાની માર્કેટ ખડી કરીને ભારતને મુઠ્ઠી ઉંચેરું સ્થાન અપાવનાર જિજ્ઞેશ શાહના વિજયરથને રાજકીય કાવાદાવા અને નિમ્નકક્ષાના ષડયંત્ર દ્વારા તોડી પડાયું તેની ઝીણવટભરી વિગતોનું આલેખન વરિષ્ઠ પત્રકાર શાંતનુ ગૂહા રેએ 'ધ ટાર્ગેટ'નામના પુસ્તકમાં કર્યુ હતું.

શાંતનૂ ગૂહા રેના પુસ્તક 'ધ ટાર્ગેટ'ની અંગ્રેજીને મળેલા અભૂતપૂર્વ પ્રતિસાદના કારણે 'ધ ટાર્ગેટ'ની ગુજરાતી આવૃત્તિ પ્રગટ કરાઈ છે. આ પુસ્તકની અંગ્રેજી આવૃત્તિ બજારમાં મૂકવામાં આવ્યાના ૯૦ દિવસમાં જ 'એમેઝોન' પર 'બિઝનેસ અને ઈકોનોમી' કેટેગરીમાં વિશ્વમાં સૌથી વધુ વેચાતા 'નંબર ૧' પુસ્તક તરીકેનું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. એટલું જ નહી, અગ્રણી બુક સ્ટોર 'ક્રોસવર્ડ' પણ સૌથી વધુ વેચાતા પુસ્તક તરીકેનું સ્થાન મેળવ્યું છે, જે ખરેખર અભૂતપૂર્વ ઘટના છે.

'ધ ટાર્ગેટ' પુસ્તક તેના નામ અનુસાર દર્શાવે છે કે જિજ્ઞેશ શાહને લક્ષ્ય બનાવવામાં આવ્યા હતા. કેટલાંક સ્થાપિત હિતોએ પોતાના છૂપા ઈરાદાસર જિજ્ઞેશ શાહને એક્સચેન્જ બિઝનેસમાંથી કેવી રીતે બહાર ધકેલી દીધા તેનું પુસ્તકમાં સવિસ્તર વર્ણન કરવામાં આવ્યું છે. ૨૫૩ પાનાંનું આ પુસ્તક ગુહા રેની બે વર્ષની ઊંડી તપાસનું પરિણામ છે.

પુસ્તક પરથી જાણવા મળે છે કે જિજ્ઞેશ શાહે ફાઈનાન્શિયલ ટેક્નોલોજીસ ઈન્ડિયા લિમિટેડ (એફટીઆઈએલ) શરૂ કરી ત્યારથી જ નેશનલ સ્ટોક એક્સચેન્જ ગ્રુપની સામે મોટો પડકાર ઊભો થયો હતો. આથી જ જિજ્ઞેશ શાહની પ્રગતિ જોઈને તેમના હરીફો ઈર્ષ્યાની આગમાં હોમાઈ ગયા અને તેમણે જિજ્ઞેશ શાહને લક્ષ્ય બનાવ્યા.

'ધ ટાર્ગેટ' પુસ્તકનું આમુખ લેખક, કટારલેખક અને સમીક્ષક સુહેલ શેઠે લખ્યું છે તથા દિલ્હીની ઓથર્સઅપફ્રન્ટ સંસ્થા તેનું વિતરણ કરી રહી છે. ૧૯૫ રૂપિયા મૂલ્ય ધરાવતું આ પુસ્તક એમેઝોન ઉપરાંત ભારતના અનેક લોકપ્રિય પુસ્તકવિક્રેતાઓ પાસે ઉપલબ્ધ છે. શાંતનુ ગુહા રે બ્હોર્ટનના પ્રશિક્ષિત પત્રકાર છે. તેમણે અનેક સંશોધનાત્મક અહેવાલો તૈયાર કર્યા છે. ગર્ભાશયના મુખના કેન્સર સંબંધે માનવીઓ પર થઈ રહેલા અખતરાની પોલ તેમણે ખોલી કાઢી છે. તેઓ 'લાડલી' અને 'રામનાથ ગોએન્કા' પુરસ્કારના વિજેતા છે. (૨૩.૭)